# ફક્ત પ્રાઈવેટ સરકયુલેશન માટે
## ટેક્ષ પ્લાનીંગ

નાણાંકીય વર્ષઃ૨૦૧૭–૨૦૧૮ આકારણી વર્ષઃ૨૦૧૮–૨૦૧૯

સફળતાની શુભકામનાઓ સાથે પ્રસ્તુત કર્તા
એ.જી. શેખ (રીટાયર્ડ વિકાસ અધિકારી) મો.૯૪૨૮૪૮૬૧૫૦
એલ.આઈ.સી. ઓફ ઈન્ડિયા, નડીઆદ – ૩૮૭૦૦૧.
**ફોન નં. (ઘર) ૦૨૬૮ – ૨૫૬૮૮૬૧**

**ભાગ – ૧ અગત્યની કલમો.**

૧. આવક વેરાના દર (વ્યકિત મહીલા અને પુરૂષ બન્ને અને એચ.યુ.એફ. માટે)

| | | |
|---|---|---|
| રૂા.૨,૫૦,૦૦૦ સુધી | શૂન્ય | ૩% એજયુકેશન સેસ |
| રૂા.૨,૫૦,૦૦૧ થી ૫,૦૦,૦૦૦ | ૫% | |
| રૂા.૫,૦૦,૦૦૧ થી ૧૦,૦૦,૦૦૦ | ૨૦% | |
| રૂા.૧૦,૦૦,૦૦૧ અને વધુ. | ૩૦% | |

સીનીયર સીટીઝન માટે (ઉંમર વર્ષ – ૬૦ થી વધુ)

| | | |
|---|---|---|
| રૂા.૩,૦૦,૦૦૦ સુધી | શૂન્ય | ૩% એજયુકેશન સેસ |
| રૂા.૩,૦૦,૦૦૧ થી ૫,૦૦,૦૦૦ | ૫% | |
| રૂા.૫,૦૦,૦૦૧ થી ૧૦,૦૦,૦૦૦ | ૨૦% | |
| રૂા.૧૦,૦૦,૦૦૧ અને વધુ | ૩૦% | |

સીનીયર સીટીઝન ઉંમર વર્ષ ૮૦ તથા તેથી વધુ રૂા.૫,૦૦,૦૦૦/– સુધી શૂન્ય ટેક્ષ જેની કરપાત્ર આવક રૂા.૩૫૦૦૦૦ સુધીની હશે તેને રૂા.૨૫૦૦ ટેક્ષ રીબેટ મળશે.(કલમ ૮૭–એ)

૨. કલમ–૧૬ આ કલમ હેઠળ વ્યવસાય વેરો બાદ મળશે. (પ્રોફેશનલ ટેક્ષ)

૩. કલમ–૨૪(૨) આ કલમ હેઠળ મકાન લોનનું વ્યાજ વધુમાં રૂા.૩૦,૦૦૦ કરપાત્ર આવકમાંથી બાદ મળશે.
મકાન સેલ્ફ ઓકયુપાઈડ હાઉસ પ્રોપર્ટી હોવું જરૂરી છે.
જો લોન તા.૧/૪/૧૯૯૯ ના રોજ અથવા ત્યાર પછી લેવામાં આવી હોય અને મકાનનું બાંધકામ અથવા પઝેશન, લોન મેળવેલ નાણાંકીય વર્ષના અંતથી પાંચ વર્ષની અંદર પૂર્ણ થઈ ગયુ હશે તેવા કિસ્સામાં આ કલમ હેઠળ વધુમાં વધુ રૂા.૨,૦૦,૦૦૦/– વ્યાજ કરપાત્ર આવકમાંથી બાદ મળશે.

૪. કલમ–૮૦(ડી) આઈ.આર.ડી.એ. માન્ય વીમા કંપનીની મેડીકલેમ પોલીસી માટે ભરેલ પ્રિમિયમ, કેન્દ્ર સરકારની સી. .એચ.એસ. યોજનામાં આપેલ ફાળો પણ કરપાત્ર આવકમાંથી આ કલમ હેઠળ બાદ મળશે.
(૧) વ્યકિતગત કિસ્સામાં
(ક) વધુમાં વધુ બાદ મળતી રકમ રૂા.૨૫,૦૦૦/– રહેશે. (સિનિયર સીટીઝનના કિસ્સામાં રૂા.૩૦,૦૦૦ રહેશે.)
(ખ) માતા–પિતાની તંદુરસ્તી માટે મેડીકલેમ વીમા પ્રિમિયમ વધુમાં વધુ રૂા.૨૫૦૦૦/– બાદ મળશે. (સિનિયર સીટીઝનના કિસ્સામાં રૂા.૩૦,૦૦૦/– રહેશે.)
(૨) એચ.યુ.એફ. ના કિસ્સામાં વધુમાં વધુ રૂા.૨૫,૦૦૦/– માદ મળશે. (સિનિયર સીટીઝનના કિસ્સામાં રૂા.૩૦,૦૦૦/– રહેશે.)

૫. કલમ–૮૦ (ડીડી) શારીરીક ખોડ–ખાપણ ધરાવતી વ્યકિતના ભરણ–પોષણના આયોજન તથા સારવાર માટે કરવામાં આવતો ખર્ચ આ કલમ હેઠળ બાદ મળશે.
વધુમાં વધુ બાદ મળતી રકમ (પ્રિમીયમ) રૂા.૫૦,૦૦૦/– રહેશે. (ખુબ જ વધુ ખોડ ખાપણ હોય તો રૂા.૧૦૦૦૦૦/–)



Scanned by CamScanner

- એલ.આઈ.સી. ની જીવન આધાર ટે.નં.૧૧૪ હેઠળ ભરવામાં આવતુ પ્રિમીયમ આ કલમ હેઠળ નિયમાનુસાર બાદ મળશે અથવા બીજી કોઈ વીમા કાં. અથવા યુટીઆઈની અધિકૃત યોજના હેઠળ નિયમાનુસાર બાદ મળશે.

૬. કલમ–૮૦(ઈ) ઉચ્ચ શિક્ષણ માટે લેવામાં આવેલી લોનપરનું વ્યાજ કરપાત્ર આવકમાંથી બાદ મળશે.

- વ્યકિતગત કિસ્સામાં લોન માન્ય નાણાંકીય સંસ્થાઓમાંથી મેળવેલી હોવી જરૂરી છે.
- શિક્ષણ ફુલ ટાઈમ હોવું જરૂરી છે.
- લોન પોતાને માટે અથવા સબંધી (રીલેટીવ) માટે મેળવેલી હોવી જરૂરી છે.
- રીલેટીવમાં સ્પાઉઝ તથા ચિલ્ડ્રનનો સમાવેશ થશે.
- વ્યાજ બાદ મેળવવાની કોઈ મર્યાદા નથી.
- વ્યાજની ચુકવણી શરૂ થાય ત્યારથી વધુમાં વધુ આઠ વર્ષ સુધી અથવા વ્યાજની ચુકવણી પૂર્ણ થાય ત્યાં સુધી, બે માંથી જે વહેલું હશે ત્યાં સુધી આ લાભ મળવાપાત્ર છે.

૭. કલમ–૮૦(સી) નીચે મુજબના બચતના સાધનોમાં કરેલુ રોકાણ આ કલમ હેઠળ બાદ મળશે.

(અ) માન્ય વીમા કંપનીમાં ભરવામાં આવતું જીવન વીમાનું પ્રિમીયમ.

(બ) માન્ય વીમા કંપનીની ડીફર્ડ એન્યુઈટી યોજનામાં ભરવામાં આવતુ પ્રિમીયમ.
(દા.ત. એલ.આઈ.સી.ની જીવનધારા)

(ક) જી.પી.એફ, પીપીએફ, માન્ય પી.એફ. તથા સુપર એન્યુએશન ફંડમાં રોકાણ.

(ડ) યુ.ટી.આઈ. ની 'યુલીપ' યોજના.

(ઈ) એલ.આઈ.સી. તથા માન્ય કંપનીની 'યુલીપ' મ્યુચ્યુઅલ ફંડની યોજના
(આવી યોજના કલમ ૧૦ (૨૩ ડી) હેઠળ નોટીફાઈડ હોવી જોઈએ. દા.ત. એલ.આઈ.સી. ની "ધન રક્ષા – ૧૯૮૯")

(ફ) પોસ્ટ ઓફિસની પી.એલ.આઈ. તથા એન.એસ.સી.

(ગ) હાઉસીંગ લોનની મુદ્દલ રકમની પરત ચુકવણી.

(હ) નેશનલ હાઉસીંગ બેંકના હોમ લોન એકાઉન્ટમાં મુકેલી ડીપોઝીટ.

(આઈ) બાળકોની ટયુશન ફી.
ફકત કોઈ પણ બે બાળકોના ફુલ ટાઈમ શિક્ષણ માટે.
ભારતમાં સ્થિત શૈક્ષણિક સંસ્થામાં ભરવામાં આવેલી ફી ની રકમ.
(પ્રાઈવેટ ટયુશન ફી, ડેવલોપમેન્ટ ફી તથા ડોનેશનની રકમ બાદ મળશે નહી.)

(જ) ઈન્ફ્રાસ્ટકચર તથા પાવર બેઝ કંપનીના શેર તથા ડીબેન્ચરમાં કરેલુ રોકાણ (સેકશન ૮૦–સી હેઠળ માન્ય)

(કે) શીડયુલ બેંકમાં મુકેલી ટર્મ ડીપોઝીટ, આવી ટર્મ ૫ વર્ષ કરતા ઓછી હોવી જોઈએ નહીં.

૮. કલમ–૮૦ (સીસીસી) માન્ય વીમા કંપનીની પેન્શન યોજનામાં કરવામાં આવતુ રોકાણ. (દા.ત. એલ.આઈ.સી. ની "ન્યુ જીવન સુરક્ષા યોજના") મહત્તમ મર્યાદા રૂા.૧,૫૦,૦૦૦/–

૯. કલમ–૮૦ (સીસીડી) તા.૧/૧/૨૦૦૪ અથવા ત્યાર પછી કેન્દ્ર સરકારમાં ભરતી થયેલ કર્મચારી ધ્વારા પેન્શન સ્કીમ ફંડમાં રોકાણ (રોકાણ વધુમાં વધુ પગારના <u>૧૦%)</u>

૧૦. કલમ–૮૦ (સીસીઈ) કલમ ૮૦ સી, અને ૮૦ સીસીસી અને ૮૦ સીસીડી હેઠળ કરેલું સૈયુકત રોકાણ ૧,૫૦,૦૦૦ થી વધુ બાદ મળશે નહીં.



Scanned by CamScanner

અર્થઘટનઃ

(અ) ઉપરોકત ત્રણેય કલમ હેઠળ કરેલું એકચ્યુઅલ રોકાણ અથવા

(બ) વધુમાં વધુ રૂ.૧,૫૦,૦૦૦/–

ઉપરોકત બે માંથી જે રકમ ઓછી હશે તે રકમ બાદ મળશે.

૧૧. કલમ–૮૦ સીસીડી(૧બી) નોટીફાઈડ પેન્શન સ્કીમ(ન્યુ પેન્શન સ્કીમ) માં રોકાણ કરવાથી વધુમાં વધુ રૂ.૫૦૦૦૦/– કરપાત્ર આવકમાંથી બાદ મળશે.

– આ કપાત કલમ–૮૦ સીસીઈ હેઠળ મેળવેલ રૂ.૧,૫૦,૦૦૦/– ઉપરાંત વધારાની કપાત તરીકે બાદ મળશે.

– આમ ઉપરોકત કલમો હેઠળ રોકાણ કરી રૂ.૨,૦૦,૦૦૦/– સુધી કરપાત્ર આવકમાંથી બાદ મેળવી શકાય છે.

૧૨. કલમ ૮૦ સીસી ઈકિવીટી સેવિંગ સ્કીમમાં નિર્ધારીત ઈકવીટી શેર અથવા ઈકવીટી ઓરીએન્ટેડ મ્યુચ્યુઅલ ફંડના યુનિટમાં રોકાણ બાદ મળશે.દા.ત.રા વ ગાંધી ઈકવીટી સેવિંગ સ્કીમ (ચનભકક)

– રોકાણની રકમની ૫૦% અથવા રૂ.૨૫,૦૦૦/– બે માંથી જે ઓછું હશે તે રકમ બાદ મળશે.

– કપાત ૩ વર્ષ સુધી બાદ મળી શકશે.

– રોકાણ કર્તાની આવક રૂ.૧૨ લાખથી વધુ હોવી જોઈએ નહીં (આ.વ.૨૦૧૩–૧૪ માટે રૂ.૧૦ લાખ)

૧૩. કલમ–૮૦ ટીટીએ – બેંકના બચત ખાતાની રકમ પર મળેલ વ્યાજની રકમ વધુમાં વધુ રૂ.૧૦,૦૦૦ સુધી બાદ મળશે.

૧૪. કલમ–૧૦ (૩૪) ભારતીય કંપનીના શેરમાંથી મેળવેલી ડીવીડન્ડની રકમ કર મુકત રહેશે. (સેકશન ૧૧૫–O માં રીફર કર્યા મુજબ)

ભાગ–૨ મહત્વપૂર્ણ નોંધઃ

૧. તા.૧/૪/૨૦૦૩ પહેલા ઈસ્યુ થયેલી જીવન વીમાની તમામ પોલીસીની મેચ્યુરીટી વેલ્યુ અથવા ડેથ કલેમની રકમ કલમ ૧૦ (૧૦ ડી) હેઠળ સંપૂર્ણ કર મુકત રહેશે. પેન્શન સ્કીમની કોમ્યુટેડ વેલ્યુ પણ કરમુકત રહેશે. (એન્યુઈટી (વર્ષાસન) પ્લાનની આવક નિયમાનુસાર કરપાત્ર થશે)

૨. સેકશન ૮૦ (ડીડી) હેઠળ મળેલી વીમા પોલીસીની રકમ નિયમાનુસાર કરપાત્ર થશે.

૩. પેન્શન યોજના હેઠળ મળતી વીમાની પોલીસીની રકમ નિયમાનુસાર કરપાત્ર થશે.

૪. તા.૧/૪/૨૦૦૩ ના રોજ અથવા ત્યાર પછી ઈસ્યુ થયેલી જીવન વીમાની પોલીસીની મેચ્યુરીટી વેલ્યુ નીચેના સંજોગોમાં કરપાત્ર થશે.

શરત : જો ઉપરોકત પોલીસીનું વાર્ષિક પ્રિમિયમ વીમાની મૂળ રકમના ૨૦% થી વધુ થાય ત્યારે આવી પોલીસીની મેચ્યુરીટી વેલ્યુ કરપાત્ર થશે.

૫. તા.૧/૪/૨૦૧૨ ના રોજ અથવા ત્યાર પછી ઈસ્યુ થયેલી જીવન વીમાની પોલીસીની મેચ્યુરીટી વેલ્યુ નીચેના સંજોગોમાં કરપાત્ર થશે.

શરત : જો ઉપરોકત પોલીસીનું વાર્ષિક પ્રિમિયમ વીમાની મૂળ રકમના ૧૦% થી વધુ થાય ત્યારે આવી પોલીસીની મેચ્યુરીટી વેલ્યુ કરપાત્ર થશે.

<u>પરંતુ આવી પોલીસીની ડેથ કલેમની રકમ કરમુકત રહેશે.</u>

૬. તા.૧/૪/૨૦૦૩ ના રોજ અવથા ત્યાર પછી ઈસ્યુ થયેલી જીવન વીમાની પોલીસીનું પ્રિમીયમ, વીમાની મૂળ રકમના ૨૦% થી વધુ હશે. તેવા સંજોગોમાં કલમ–૮૦ સી હેઠળ વીમાની મૂળ રકમના ૨૦% સુધી ભરેલું પ્રિમીયમ બાદ મળશે.

તા.૧/૪/૨૦૧૨ ના રોજ અવથા ત્યાર પછી ઈસ્યુ થયેલી જીવન વીમાની પોલીસીનું પ્રિમીયમ, વીમાની મૂળ રકમના ૧૦% થી વધુ હશે. તેવા સંજોગોમાં કલમ–૮૦ સી હેઠળ વીમાની મૂળ રકમના ૧૦% સુધી ભરેલું પ્રિમીયમ બાદ મળશે.

ઉપરોકત શરત જીવનવીમાની પોલીસીના કોઈ પણ વર્ષમાં લાગુ પડી શકશે.

તા.૧/૪/૨૦૧૩ ના રોજ અથવા ત્યાર પછી કાયમી શારીરિક ખોડખાપણ વાળા વીમેદારને ઈસ્યુ થયેલી વન વીમાની પોલીસીનું પ્રિમિયમ, વીમાની મૂળ રકમ ના ૧૫% થી વધુ હશે, તેવા સંજોગોમાં કલમ–૮૦ સી હેઠળ વીમાની મૂળ રકમના ૧૫% સુધી ભરેલું પ્રિમિયમ બાદ મળે છે.



Scanned by CamScanner

ભાગ–૩ આવક વેરાની ગણતરીનો કોઠો.

| અ.નં. | કરપાત્ર આવક | આવક વેરો | અ.નં. | કરપાત્ર આવક | આવક વેરો | અ.નં. | કરપાત્ર આવક | આવક વેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૫૦૦૦૦ | ૦ | ૬ | ૩૦૦૦૦૦ | ૨૫૦૦ | ૧૧ | ૪૦૦૦૦૦ | ૭૫૦૦ |
| ૨ | ૨૬૦૦૦૦ | ૫૦૦ | ૭ | ૩૨૦૦૦૦ | ૩૫૦૦ | ૧૨ | ૪૫૦૦૦૦ | ૧૦૦૦૦ |
| ૩ | ૨૭૦૦૦૦ | ૧૦૦૦ | ૮ | ૩૪૦૦૦૦ | ૪૫૦૦ | ૧૩ | ૫૦૦૦૦૦ | ૧૨૫૦૦ |
| ૪ | ૨૮૦૦૦૦ | ૧૫૦૦ | ૯ | ૩૬૦૦૦૦ | ૫૫૦૦ | ૧૪ | ૬૦૦૦૦૦ | ૩૨૫૦૦ |
| ૫ | ૨૯૦૦૦૦ | ૨૦૦૦ | ૧૦ | ૩૮૦૦૦૦ | ૬૫૦૦ | ૧૫ | ૭૦૦૦૦૦ | ૫૨૫૦૦ |

(+) ૩% એજયુકેશન સેસ. (નિયમાનુસાર)

**દાખલો :**

**નાણાંકીય વર્ષ : ૨૦૧૭–૨૦૧૮ આકારણી વર્ષ : ૨૦૧૮–૨૦૧૯**

**આવક વેરાની ગણતરીનું સ્ટેટમેન્ટ – શ્રીમાન અ.રશીદ જી . શેખ**

| | | | |
|---|---|---|---|
| ૧ | પગારની વાર્ષિક આવક : | | ૧૨૦૦૦૦૦ |
| | બાદ–કલમ–૧૦ હેઠળ (એકઝમ્પશન) (ગ્રેજયુઈટી,એચ.આર.એ.,કોમ્યુટેડ વેલ્યુ, કન્વેયન્સ એલાઉન્સ વગેરે) | | ૧૦૦૦૦૦ |
| | | બેલેન્સ રૂા. | ૧૧૦૦૦૦૦ |
| | બાદ–કલમ–૧૬ હેઠળ વ્યવસાય વેરો | | ૨૪૦૦ |
| | | બેલેન્સ રૂા. | ૧૦૯૭૬૦૦ |
| ૨ | હાઉસ પ્રોપર્ટીની આવક | | |
| | સેલ્ફ ઓકયુપાઈડ હાઉસ પ્રોપર્ટી ભાડાની આવક | ૦ | |
| | બાદ–કલમ–૨૪(૨) હેઠળ હાઉસીંગ લોનનું વ્યાજ | ૮૦૦૦૦ | |
| | | બેલેન્સ રૂા. | (–) ૮૦૦૦૦ |
| | | બેલેન્સ રૂા. | ૧૦૧૭૬૦૦ |
| | બાદ – ચેપ્ટર–૬ એ હેઠળ કપાત | | |
| | કલમ– ૮૦(સી) સૂચિત બચત યોજનાઓ (પી.એફ.એલ.આઈ.સી. પ્રિમિયમ એન.એસ.સી. વગેરે) | ૧૫૦૦૦૦ | |
| | કલમ ૮૦(ડી) મેડીકલેમ પ્રિમિયમ | ૨૫૦૦૦ | |
| | કલમ–૮૦ (સીસી ) નોટીફાઈફ ઈ.એસ.એસ. | ૨૫૦૦૦ | |
| | | કુલ રૂા. | ૨૦૦૦૦૦ |
| | | બેલેન્સ રૂા. | ૮૧૭૬૦૦ |
| | | કરપાત્ર આવક રૂા. | ૮૧૭૬૦૦ |
| | ચુકવવાપાત્ર આવક વેરો | | ૭૬૦૨૦ |
| | ઉમેરો + ૩% એજયુકેશન સેસ | | ૨૨૮૧ |
| | કુલ આવક વેરો + એજયુકેશન સેસ ચુકવવાની રકમ રૂા. | | ૭૮૩૦૧ |

ખાસ નોંધ : *કોઈ પણ જાતની ભુલ ધ્યાન પર આવે તો મહેરબાની કરીને પ્રસ્તુત કર્તાને જણાવવા વિનંતી છે.*

એ.જી.શેખ (રીટાયર્ડ વિકાસ અધિકારી)
ઘર–૦૨૬૮–૨૫૬૮૮૬૧, મો.૯૪૨૮૪ ૮૬૧૫૦
ઈ–મેઈલ : ags171263@yahoo.co.in



Scanned by CamScanner